| PUBLICATION NAME : | Divya Bhaskar(City Bhaskar) |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/03/25 |
| PAGE : | 01 |

City ભાસ્કર

Date : 07.03.2025 Page : 01

**STARTUP SUMMIT** EDIIમાં 'એમ્પ્રેસારિયો 2025' સ્ટાર્ટઅપ સમિટનું આયોજન કરવામાં આવ્યું

# યંગ આંત્રપ્રિન્યોર્સે પહેલાં કમાવા પર ધ્યાન આપવું, બાદમાં પર્સનલ બ્રાન્ડ બનાવવી: અશનીર ગ્રોવર

**ગાંધીનગર: EDIIમાં 'એમ્પ્રેસારિયો 2025' એન્યુઅલ સ્ટાર્ટઅપ સમિટ યોજાઈ હતી. જેમાં આંત્રપ્રિન્યોરશીપ અને લેટેસ્ટ ઈન્ડસ્ટ્રી એક્ટિવિટી પર ચર્ચા કરાઈ. 'ઈનોવેટિંગ ધ ફ્યુચર' થીમ પર સમિટ યોજાઈ. જેમાં અશનીર ગ્રોવરે કહ્યું, 'યંગ આંત્રપ્રિન્યોર્સને કહીશ કે, પહેલા પૈસા કમાવો, બાદમાં પર્સનલ બ્રાન્ડ બનાવો'**

## 40થી વધુ સ્ટાર્ટઅપ અને 28 વિદ્યાર્થીઓએ કંપની, પ્રોડક્ટમાં ઈન્વેસ્ટમેન્ટ માટે પિચિંગ કર્યું

સમિટમાં ઉત્તરાખંડના આરોગ્ય, શિક્ષણ, સહકારી મંત્રી ડૉ. ધનસિંહ રાવતે પણ હાજરી આપી હતી, તેમણે આંત્રપ્રિન્યોરશિપ સેક્ટરના વલણ અને દેશની આંત્રપ્રિન્યોરશીપ પ્રત્યેની પ્રતિબદ્ધતા અંગે જણાવ્યું કે, 'આજનો સમય ઈનોવેટર્સ અને ઈન્વેસ્ટર્સનો છે. યંગસ્ટર્સે વિચારધારાને મજબૂત બનાવી, ભવિષ્યના આંત્રપ્રિન્યોર્સ બનવા માટે આગળ આવવું જોઈએ.' ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના ડાયરેક્ટર દિનેશ ગુરવે જણાવ્યું કે, 'ગુજરાતનું આંત્રપ્રિન્યોરશીપમાં આગવું સ્થાન છે. આ નવી નીતિ વિદ્યાર્થી અને યંગ આંત્રપ્રિન્યોર્સને સશક્ત બનાવવા માટે રચાઈ છે.' સમિટમાં 'ગ્લોબલ આંત્રપ્રિન્યોરશીપ મોનિટર'નું અનાવરણ કરાયું, જે આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટની દિશા દર્શાવે છે. સમિટમાં આંત્રપ્રિન્યોરશિપ, ઈન્વેસ્ટમેન્ટ પર ઈન્ટરેક્ટિવ સેશન યોજાયા. સ્પીકર્સમાં અશનીર ગ્રોવરે પણ ભાગ લીધો હતો. આ વર્ષે 40+ સ્ટાર્ટઅપ્સ અને 28 વિદ્યાર્થીઓએ પોતાની કંપનીઓ અને પ્રોડક્ટ્સમાં ઈન્વેસ્ટમેન્ટ માટે પિચિંગ કર્યું. 45થી વધારે સ્ટાર્ટઅપ્સે સ્ટોલ લગાવ્યા, જેમાં EDIIના એલુમની અને CrAdLE સ્ટાર્ટઅપ્સનો સમાવેશ કરાયો છે.

## ફર્સ્ટ પર્સન



અશનીર ગ્રોવર

**કોઈપણ બાબતના ડિસ્પ્યુટ બેસીને સોલ્વ કરો, હું સવારે વહેલા જાગવામાં નથી માનતો...**

મારા અનુભવથી મને એક વસ્તુ સમજાઈ છે કે, દેશમાં જજ સિવાય બધા જ જજ છે. જો તમે બિઝનેસ કરવા આવ્યા છો. તો એક વસ્તુ યાદ રાખો કે, કોર્ટ/કચેરીમાં પૈસા અને સમય ન બગાડો. તેનાથી નુકશાન જ થશે. કોઈપણ વસ્તુમાં ડિસ્પ્યુટ થાય તો સાથે બેસીને સોલ્વ કરો. હું સવારે વહેલા જાગવામાં નથી માનતો. સવારે 4 વાગ્યે જાગવાનો કોન્સેપ્ટ યુએસનો છે.

નારાયણ મૂર્તિ એવું કહેવા માગતા હતા કે, કઈ સારું કરવું હોય, તો હાર્ડ વર્ક કરવું પડશે. પણ તેમને લાગ્યું કે, જેનઝીને સમજાવવા માટે કલાકો ઉમેરવા પડશે એટલે તેમણે કહ્યું કે, 70 કલાક કામ કરવું જોઈએ. તેઓ કહેવા માગે છે કે, હું 70 કલાક કહું, 90 કલાક કહું કે, 110 કલાક કહું તમારે કામ કરવાનું જ છે. આપણા એજ્યુકેશન સિસ્ટમથી કોઈ એક્સપોઝર નથી મળતું. વિદેશમાં યંગસ્ટર્સ 18 વર્ષની ઉંમરથી જ કામ કરવા લાગે છે. અહીંયા તો, 12 પાસ થયા પછી જ યંગસ્ટર્સને એવું લાગે છે કે, કેટલાક કામ તો નહીં જ કરવાના, જેનાથી સન્માન ન જળવાય. અંડરગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ પછી, અમુક કામ તો ન જ કરી શકાય. હું યંગ આંત્રપ્રિન્યોર્સને એટલું જ કહીશ કે, પહેલા પૈસા બનાવો, બાદમાં પર્સનલ બ્રાન્ડ બનાવો. સક્સેસ માટે એક્ઝિક્યુશન ખૂબ જરૂરી છે.